## તા. 05.11.2009 ના રોજ યોજાયેલ National Council Meeting ની ટૂંકી વિગતો :

22મી નેશનલ કાઉન્સીલ મીટિંગ તા. 05.11.2009 ના રોજ શ્રી ગોપાલ દાસ, Director (HR) ના અધ્યક્ષપદે યોજાઈ હતી. આ મીટિંગમાં થયેલ ચર્ચા–વિચારણાની ટૂંકી વિગતો નીચે પ્રમાણે છે.

- 93 mn. GSM Lines નો Purchase Order આપવા અંગે થઈ રહેલા વિલંબ અંગે Meeting માં રજૂઆત કરવામાં આવી. MODEM અને અન્ય સાધન સામગ્રીની અછત ના કારણે Broadband સેવાઓ આપવામાં થઈ રહેલા વિલંબ અંગે રજૂઆત કરવામાં આવી. Broadband સેવાઓ આપવામાં અક્ષમ્ય વિલંબ થઈ રહયો છે જે અંગે તુર્તજ ઘટતાં પગલાં લેવા માટે Management સમક્ષ રજૂઆત કરવામાં આવી.
- **આ વર્ષના Bonus માં 50% ઘટાડો કરવામાં આવ્યો છે. આ બાબતે National Council Meeting માં સખત વિરોધ કરવામાં આવ્યો છે. સ્ટાફ સાઈડ તરફથી રજૂઆત કરવામાં આવી કે આ બાબત સરકાર ના Order નું ઉલ્લંઘન છે. બાકી રહેલા 50% Bonus ની ચૂકવણી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.**
- Management Trainees ના Recruitment Rules માં કરવામાં આવેલ ફેરફાર અંગે National Council માં રજૂઆત કરવામાં આવી. સ્ટાફ સાઈડ એ જણાવ્યું કે Management પોતે આપેલા વચનો નો ભંગ કરી રહયું છે. સ્ટાફ સાઈડ તરફથી રજૂઆત કરવામાં આવી કે Management Trainees ના Recruitment Rules માં કરવામાં આવેલા ફેરફારોના એકતરફી નિર્ણય ને રદ કરવામાં આવે. જરૂરી લાયકાત ધરાવતા Non-Executive કર્મચારીઓને પણ Management Trainees ની Exam માં બેસવાની અનુમતિ આપવામાં આવે.
- Wage Negotiation Committee ની Meeting યોજવા અંગે થઈ રહેલ વિલંબ અંગે રજૂઆત કરવામાં આવી કે Wage Negotiation Committee ની Meeting સળંગ યોજવામાં આવે અને જેથી Wage Revision ની પ્રક્રિયા તા. 31.12.2009 સુધીમાં પૂરી કરી લેવામાં આવે.
- 9200-13200 ના Pay Scale ને DOT તરફથી મંજૂરી આપવામાં આવી નથી. DOT તરફથી એવું જણાવવામાં આવ્યું છે કે આ Pay Scale Executive ના Pay Scale માં પણ છે. આ અંગે થઈ રહેલ વિલંબ દૂર કરી Management તરફથી 9200-13200 Pay Scale ની મંજૂરી DOT પાસેથી મેળવી વિના વિલંબે Promotion Policy ના Orders Issue કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.
- TTA-LDCE ની Pre -Qualifying Exam કરવામાં Management તરફથી વિલંબ થઈ રહયો છે. છેલ્લી National Council Meeting માં અધ્યક્ષશ્રી દ્વારા આપવામાં આવેલ ખાતરી પ્રમાણે વિના વિલંબે Exam કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.
- **તા. 19 અને 20 August 2009 ની હડતાળ માં જોડાયેલ કર્મચારીઓનો પગાર ભેદભાવ પૂર્ણરીતે કાપવામાં આવ્યો છે. જેનો સ્ટાફ સાઈડ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. આજ દિન સુધી BSNL માં થયેલ કોઈપણ હડતાળમાં કર્મચારીઓ નો પગાર કાપવામાં આવ્યો નથી. સ્ટાફ સાઈડ તરફથી ભેદભાવપૂર્ણ રીતે લાગુ કરવામાં આવેલ CDA RULES અંગે રજૂઆતો કરવામાં આવી છે.**
- CCS (Leave) Rules માં થયેલ સુધારા પ્રમાણે Child Care Leave અને Maternity Leave માં વધારો કરવા અંગે રજૂઆત કરવામાં આવી છે.
- National Council Meeting માં Civil અને Electric Wing ના Draughtsman ના પ્રશ્નો અંગે ચર્ચા–વિચારણા કરવામાં આવી છે.
- સ્ટાફ સાઈડ તરફથી એવી રજૂઆત કરવામાં આવી છેકે TTA Outside ઉમેદવારો ને Qualifying Marks માં છૂટછાટ નો લાભ Departmental Candidates ને પણ આપવામાં આવે એવી રજૂઆત કરાઈ છે. જેનો લાભ TTA,JAO અને અન્ય પરીક્ષા માં બેઠેલા Departmental Candidates ને પણ આપવામાં આવે.
- સ્ટાફ સાઈડ તરફથી એવી રજૂઆત કરવામાં આવી કે Driver તરીકે કામ કરતા લાયક કર્મચારીઓ ને TTA ની પરીક્ષામાં બેસવા દેવામાં આવે. તે જ પ્રમાણે LDC કેડરમાં કરેલ નોકરી ના વર્ષો ને TTA ની પરીક્ષા માટે માન્ય રાખવામાં આવે. Management આ અંગે યોગ્ય કરશે તેમ જણાવ્યું છે.
- સ્ટાફ સાઈડ તરફથી એવી માંગ કરવામાં આવી છે કે TTA તરીકે qualify થયેલા કર્મચારીઓને Personal Up gradation કરી Promotion નો લાભ આપવો જોઈએ.
- ચોથા મેમ્બરશીપ વેરીફીકેશન માં BSNLEU ને માન્યતા મળ્યા બાદ છેલ્લા ૯ મહિનામાં માત્ર બે National Council Meeting યોજાઈ છે. Management તરફથી આગામી National Council Meeting વહેલી બોલાવવા અંગે ખાતરી આપવામાં આવી છે.